સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

ગાજે કરે વીજ ને રાત જેવો અંધારે છે!
બાફે છે બટાકા જેમ છતાં કયાં પધારે છે?
મઝધારે ખેડૂ, ડૂબે વાવણીની દ્વિધામાં -
થાક્યા આભ સામે જોઈ, ધીરજ સંથારે છે...
(લખ્યા તારીખ ૧૨/૭ ઈન્દ્રદેવની ક્ષમા સાથે)

નામ બદલી -
સર્જાવે છે દબાણો -
દે આશ્વાસન...
(પણ ફુંટાઈ જાય)

અહીં ન ચાલે -
'દબાણ' કોઈનું ય
દિલ્હી સિવાય !
(ઈન્દ્ર હાર્યા - નરેન્દ્ર પાસે)

ચિંતન

તીરથ કર કર જગ મૂઆ ઊંડે પાની ન્હાય,
રામહિ રામ જપંતડાં, કાસ ઘસીટયાં જાય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

મહાજ્ઞાની તરીકે ઓળકાતા કેટલાંક પંડિતો વ્રત રાખે, તીર્થ યાત્રા કરે. ગંગા જેવી પવિત્ર નદીના ઊંડા પાણીમાં ડૂબકી મારી સ્નાન કરે અને પોતાની જાતને પવિત્ર થઈ ગયેલી માને, તેમને અનુસરી તેમના અનેક અનુયાયીઓ પણ એ જ પ્રમાણે વ્રત, તિર્થયાત્રા અને તીર્થસ્નાન કરી ભક્તિ કર્યાનો આત્મસંતોષ અનુભવે પણ આવા પંડિતો કે તેમના અંધશ્રદ્ધાળુ અનુયાયીઓએ રામનામ રૂપી ખરું તીર્થ કે તેની યાત્રા કરી નહીં કે પ્રભુપ્રેમરૂપી ઊંડા જળમાં ડૂબકી મારી સ્નાન કર્યું નહીં. કબરી કહે છે કે તે લોકોને તો જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે જ કયાંથી ??

સુવિચાર

- જાતે ધન પેદા ન કરતાં બીજાનું ધન લેવાની બુદ્ધિ ચલાવે એને હું બુદ્ધિનો વ્યભિચાર કહું છું - **સરદાર પટેલ**
- પ્રજાનો વિશ્વાસ એ રાજયની નિર્ભયતાની નિશાની છે, એટલું યાદ રાખવું જોઈએ કે રાજય એ પ્રજાને ખાતર છે, રાજયને ખાતર પ્રજા નથી - **અખંડ આનંદ**
- ભલાઈ કરવાની ઈચ્છા બૂરાઈ કરવાની ઈચ્છાને દબાવી દે છે - **હજરત અલી**
- આનંદમાં વધારો કરવા માટે બે જ વસ્તુઓ સહાયભૂત થાય છે, પરિશ્રમ અને સંયમ - **મનુ મહારાજ**
- પત્રકાર હનુમાન જેવો હોવો જોઈએ, મંથરા જેવો નહિં - **મોરારિ બાપુ**
- સંસારની માયા વચ્ચે રહીને પણ જે પૂર્ણતાને પામે છે તે જ સાચો વીર - **રામકૃષ્ણ પરમહંસ**
- આજનું ઔષધ : સુકા અંજીર, કાળી દ્રાક્ષ, હરડે અને સાકર સરખે ભાગે લઈ ખાંડી નાના બોર જેવડી ગોળી સવાર સાંજ પાણી સાથે લેવાથી હરસમસા મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક માણસે એના મિત્રને પૂછ્યું, 'આ દુનિયામાં સંતોષી જીવ કેટલા ?' મિત્રનો જવાબ 'એકેય નહીં.'

પહેલા માણસે કહ્યું, 'હું તને હજારોની સંખ્યામાં સંતોષી માણસો બતાવી શકું.' મિત્ર કહે, 'એ વાત અશક્ય છે.'

પહેલો માણસ, મિત્રને લઈ એક સાધુની ઝૂંપડી તરફ લઈ ગયો, ઝૂંપડીની બહાર ઘણા લોકો કતારમાં ઊભા હતા અને ઝૂંપડીના આંગણામાં ખુરશીમાં બેસીને સંત આ લોકોનો ઈન્ટરવ્યુ લઈ રહ્યા હતા. 'મિત્રએ પૂછ્યું, 'શું આ સંત એમના આશ્રમ માટે કર્મચારીઓની ભરતી કરવા માંગે છે ?'

પહેલા માણસે કહ્યું, 'ના એવું નથી' એમ કહીને મિત્રને ઝૂંપડીની પાછળ એક મોટી ફલોની વાડીમાં લઈ ગયો. વાડીના ઝાંપા પર એ બોર્ડ મારેલું હતું. જેમાં લખ્યું હતું.

'આ વાડી એવી વ્યક્તિને ભેટ આપવામાં આવશે જે જીવનથી સંતુષ્ટ હોય.'

પેલા માણસે કહ્યું, 'સંતની પાસે જે લોકો આવ્યા છે તે બધા સંતોષી જીવો આ વાડી મફતમાં લેવા લાઈનમાં ઊભા છે.'

રથયાત્રા : સામૂહિક જીવનનું પર્વ

તંત્રીસ્થાનેથી...

મહાત્મા ગાંધી જેવા મહાપુરુષોએ જિંદગીના કોઈ ને કોઈ તબક્કે પદયાત્રાઓ યોજેલી છે. પદયાત્રાથી મોટો માણસ નાના માણસોને નજીકથઈ મળી શકતો હોય છે. દાંડીકૂચ એવી જ એક વિશિષ્ટ પદયાત્રા હતી, જેણે અંગ્રેજ સત્તાને એની હૅસિયત બતાવી દેતું પ્રચંડ જનસમર્થન સિદ્ધ કર્યું હતું. ભગવાન તો સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છે. પરંતુ પોતે બારે માસ મંદિરમાં પુરાઈ રહી માત્ર દર્શનાર્થીઓને દર્શન આપતા રહેવાનું એને પણ ન ગમે. એને પણ કયારેક જનસાધારણ સાથે જોડાવાનું ગમે જ. આખરે રાજા છે તો એણે પ્રજાજનોનાં દુ:ખદર્દ વહેંચવા સામે ચાલીને બહાર પણ નીકળવું જ રહ્યું. અગાઉ રાજાઓ ગુપ્ત વેશે નગરચર્યા કરવા નીકળતા. પોતાના પ્રજાજનોને ફેસ ટુ ફેસ મળીને એમના પ્રશ્નો અને સમસ્યાઓની જાણકારી મેળવતા. અદલ એ જ રીત ભગવાન જગન્નાથ પુરીના એમના ભવ્યાતિભવ્ય પ્રાસાદમાંથી આષાઢી બીજની સવારે નગરચર્યાએ નીકળે છે અને પૂરતો વખત પ્રજાજનો વચ્ચે ગાળી સ્વસ્થાને પરત ફરે છે. પુરીની રથયાત્રા એ ભારતીય પ્રજાની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનું સર્વોત્તમ પર્વ છે. રાજા પોતે જ સોનાની સાવરણીથી ભગવાનની રથની સફાઈ કરે છે. વળી એ રથને અન્ય જનસાધારણ સાથે પોતે પણ ખેંચે છે. આ જ પર્વનો ગુજરાતી પ્રજાને અનુરુપ એવો અનુવાદ એટલે અમદાવાદના જગદીશ મંદિરથી નીકળતી અને આખો દિવસ નગરના વિવિધ માર્ગો પર વિચરણ કરી પાછી નિજમંદિરે પરત ફરતી ૧૪૦ વર્ષથી ચાલી આવતી રથયાત્રા. આ રથયાત્રા કાળક્રમે રાજયનો પ્રમુખ મહોત્સવ બની રહેલ છે. એમાં રાજયના મુખ્યમંત્રીથી લઈ અદના છેવાડાના નાગરિકો સમાન હેસિયતથી જોડાય છે. ભગવાન આગળ કોઈ મોટું નથી કે નાનું નથી. એનો અહેસાસ કરાવતું આ પર્વ ખરું પૂછો તો પ્રતીકાત્મક સામૂહિક પ્રગતિકૂચનું પર્વ છે, જયાં ખુદ ઈશ્વર સપરિવાર જનસમુદાયની સાથે, વચ્ચે હાજર રહી એ પર્વનો ઉલ્લાસ માણે છે. હિંદુઓનું પર્વ હોવા છતાં એમાં પેલી વર્ણાશ્રમ વ્યવસ્થાવાળી અસ્પૃશ્યતાને કોઈ જ સ્થાન નથી. એમાં કહેવાતી નીચલી કોમોનો લોકોને જ સૌથી મોટો રોલ રહે છે. તેઓ ભગવાનનો રથ ખેંચે છે,જાતજાતની અંગ-કસરતો અને દાવ કરે છે. વાજતે ગાજરે ચાલતી નગરયાત્રા દિવસને અંતે નિદમંદિરે પરત આવે છે. અમદાવાદની આ રથયાત્રાનું અનુકરણ રાજયનાં અન્ય નગરોમાં પણ શરૂ થતાં હવે તો લગભગ તમામ નાનાં મોટાં શહેરોમાં રથયાત્રા પર્વ ઉલ્લાસપૂર્વક ઊજવાવા લાગ્યું છે. અગાઉ થોડાં વર્ષો દરમિયાન રથયાત્રાને સાંપ્રદાયિક તત્ત્વોએ અભડાવવાનો કુત્સિત પ્રયાસ કર્યો હતો ત્યારથી અમદાવાદની અને ગુજરાતની શાણી પ્રજા વધુ સાવધ બની ગઈ છે. રાજયનું વહીવટીતંત્ર પણ ખડેપગે હાજર રહી રથયાત્રા ઉલ્લાસના વાતાવરણમાં સંપન્ન થાય એનું ધ્યાન રાખે છે. ભગવાન જગન્નાથ તો દયાળુ છે. એમને માટે કોઈ હિંદુ નથી, કોઈ મુસલમાન નથી - બધાં એમનાં જ સંતાન છે. આ વાત મુસ્લિમ બંધુઓએ પણ ગાંઠે બાંધી છે અને હવે તો રથયાત્રા એ હિંદુ ધર્મનો તહેવાર ન રહેતાં સમસ્ત પ્રજાજનોનો રાષ્ટ્રીય તહેવાર બની રહ્યો છે. આષાઢી બીજનો આજનો પવિત્ર દિવસ કચ્છી માડુઓ માટે નવા વરસનો દિવસ પણ છે. સૌને જય જગદીશ હરે !

ચંપારણમાં રહી ગયેલા અધૂરા કામનો ખટકો ગાંધીજીને આજીવન રહ્યો

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ચંપારણમાં છ મહિના રોકાઈને ગાંધીએ રૈયતને રંજાડનાર તીનકઠિયાને કાયદો તો તોડાવ્યો ને પ્રજાને તેમની શક્તિનો પરિચય ઘણા રચનાત્મક કામો પણ શરુ કરાવ્યા. ગાંધીજીને તો ચંપારણમાં વધુ રહીને શરુ કરેલી પ્રવૃત્તિની દ્રઢ જડ ઘાલવી હતી પણ ઈશ્વરે ઘણીવાર તેમના મનસૂબા પાર જ પાડવા દીધા નથી એવી સ્થિતિ આવી. ખેડા જિલ્લામાં નિષ્ફળ ગયેલા પાક અને મહેસૂલ માફી અંગે લોકોને દોરવણી આપવાનું કહેણ તેમને પત્ર મારફતે આવી પહોંચ્યું તો બીજી તરફ અનસૂયાબેન સારાભાઈની પણ અમદાવાદની મિલોમાં કામ કરવા મજૂરોની લડતમાં આગેવાની કરવા વિનંતી આવી હતી. ગાંધી લખે છે, 'મજૂરોને દોરવણી આપવાનું કામ કરવાની મને હોંશ હતી. પરંતુ આ બહુ નાનુ લાગતું કામ દૂર બેઠો, હું કરી શકું એવી મને આવડત હતી નહીં. આથી ચંપારણથી મજૂરોની પગાર વધારાની લડતમાં જોડાવા અમદાવાદ પહોંચ્યો.'

ખેડા જિલ્લામાં ખેડૂતોનો પ્રશ્ન અને અમદાવાદમાં મિલ મજૂરોનો પ્રશ્ન - આ બંને કામની તપાસ કરીને ચંપારણ પાછા પહોંચીને ચંપારણમાં શરૂ કરેલા રચનાત્મક કાર્યક્રમોની દેખરેખ રાખવાનું તેમને મનોમન નક્કી કર્યું હતું.

પણ અમદાવાદ આવ્યા પછી ગાંધીજીને એવા કામો નીકળી પડ્યા કે ચંપારણ કેટલાક સમય સુધી તેમનાથી જઈ ના શકાયું. જે નિશાળો તેમને ચાલુ કરાવી હતી. તે એક પછી એક પડી ભાંગી. સાથીઓએ અને તેમણે જે હવાઈ કિલ્લાઓ બાંધ્યા હતા તે તૂટી પડ્યા. આજના વર્તમાન અને ૧૦૧ વર્ષ પહેલાના ગાંધીના વર્તમાનની સરખામણી કરીએ તો સ્થિતિ ભારતીય સમાજજીવનમાં એની એજ છે એમ કહી શકાય. ગાંધીએ તો

મારવાડી અને બિહારીઓએ પણ કાયમ મીઠો ઠપકો આપ્યો

ગુલામ ભારતને બેઠા કરવા માટે ગ્રામીણ વિકાસ અને સમાજ પરિવર્તન માટે કાર્ય કર્યું હતું. પરંતુ એમની ગેરહાજરી જેવી થઈ કે બધું જ રચનાત્મક કામ સર્દતર બંધ થઈ ગયું. એ સમયે શિક્ષણ, ગ્રામીણ ગરીબી, વાહન વ્યવહારના સાધનોની કમી વગેરે અનેક પ્રશ્નો હતા પરંતુ આજે તો લોકશાહીના વાતાવરણમાં પ્રજાની પસંદગીની સરકાર છે તેમ છતાં ગ્રામીણ વિસ્તારોમાં સરકાર કે બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ જે રચનાત્મક કામો શરુ કરે છે એ કામો જયાં સુધી સીધી દેખરેખ અમલીકરણ તંત્ર રાખે ત્યાં સુધી જ ચાલે છે પછી ફરી પાછું જૈસે થે સ્થિતિ આવી જાય છે. જો કોઈ કરે અથવા તો કરાવે તો જ સ્થાનિક પ્રજા કામ કરે એવી માનસિકતાને આપણે દૂર કરવા માટે પ્રજાનો માઈન્ટ સેટ બદલવા માટે ખાસા પ્રયત્નો કરવા પડે એમ જણાય છે. ચંપારણમાં ગાંધીજીએ શાળાઓ શરુ કરાવી અને એ બંધ થઈ પરંતુ નિશાળોનું કામ એક નહીં તો બીજી રીતે ત્યાં ચાલતું હતું એથી તેમને શાળા શિક્ષણ ભલે પોતાના વિચારો અનુસાર ન હતું છતાં ચાલશે એમ મન મનાવી લીધું હતું. પરંતુ ગાંધીની ખુદની દૃષ્ટિએ એક અત્યંત મહત્ત્વનું કાળ તેઓ ચંપારણમાં શરૂ કરાવી શક્યા ન હતા. એનો વસવસો તેમણે આજીવન રહ્યો હતો.

ચંપારણમાં ગાંધીએ શાળા અને ગ્રામ સુધાર ઉપરાંત ગૌરક્ષાનું કામ હાથ ધર્યું હતું. ઉપરાંત રાષ્ટ્રભાષા હિંદીના પ્રચાર પ્રસારનું કામ પણ હાથે લીધું હતું. આ બંને કામમાં તમામ મદદ ત્યાં વસેલા મારવાડી ભાઈઓએ આપી હતી. બેતિયામાં એક મારવાડી સદગ્રહસ્થના ત્યાં તેઓ રાકાય ત્યારે જ તેમને ગૌરક્ષા કાર્ય માટે વિચાર્યું હતું. તેમણે જોયું હતું કે ચંપારણમાં બળદ પાસે વધારે પડતું કામ લેવામાં આવે છે. ગાંધીને તો એવો હંમેશનો ખટકો રહી ગયો હતો કે 'નામના હિંદુઓ હજુએ બેલોને નિર્દયતાપૂર્વક માર મારે છે અને ધર્મને વગોવે છે.' આ હિંસક પ્રવૃત્તિ દૂર કરવા માટે ગાંધીએ મારવાડી ભાઈઓને ગૌરક્ષા માટે સમજાવ્યા હતા. મા ભાઈઓ ગૌરક્ષાનું કામ કરતા જ હતા. પરંતુ ગાંધીએ તેમને સમજાવ્યું કે ગૌરક્ષા એટલે ગૌવંશ વૃદ્ધિ, ગો જાતિ સુધાર, બેલની પાસે મર્યાદાસર કામ લેવું, ગૌશાળાને આદર્શ દુગ્ધાલય બનાવવી. આ કાર્યમાં તમામ પ્રકારની ખાતરી મારવાડી ભાઈઓએ આપી હતી પણ ચંપારણમાં ગાંધીજી સ્થિર રહી ન શક્યા તેથી આ કામ અધુરું જ રહ્યું.

ગાંધીજી અધૂરા કામ અંગે લખે છે, 'જયારે જયારે ચંપારણ જાઉં છું ત્યારે આ અગત્યના અધૂરાં રહેલા કામોનું સ્મરણ કરીને નિઃશ્વાસ મૂકું છું, ને તે અધૂરા મેલવા સારું મારવાડી ભાઈઓ અને બિહારી ભાઈઓનો મીઠો ઠપકો સાંભળું છું.'

(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)

જગદીશ ત્રિવેદી અને બાવન ફૂલડાંનો બાગ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

'બાવન ફૂલડાંનો બાગ' એ શબ્દ સાંભળતાંજ જાજવલ્યમાન કવિ કાગ (ભગતબાપુ)નું સ્મરણ થાય છે. કોઈને આ દાઢીવાળા આડાભીડ કવિનો પરિચય આપવો પડે નહિ. ભગતબાપુ સાથે જેમની વાત કરવાની છે તે ડૉ. જગદીશ ત્રિવેદી પણ દેશ - વિદેશના તેમના કાર્યક્રમો તેમજ અનેક પુસ્તકોથી સાહિત્ય જગતનું પ્રીતિપાત્ર નામ બન્યા છે. શાહબુદ્દીનભાઈના વારસાને પચાવીને જગદીશ ત્રિવેદીએ તેને દીપાવી જાણ્યો છે. આથીજ વિશાળ જનસમૂહમાં નિર્દોષ તેમજ અર્થસભર હાસ્યરસ પીરસીને જગદીશભાઈ ઝીલાયા છે તથા મુકતકંઠે વધાવાયા છે. આપણાં લોક ડાયરાઓમાં આ હાસ્ય કલાકારો સહજ રીતે લોકરંજન માટે ખીલી ઉઠે છે. જગદીશભાઈએ બાવન ફૂલડાંના બાગની સૌરભ પણ આકંઠ માણી છે તેમજ ગમતાંનો ગુલાલ કરીને આ મીઠી સોડમ આપણાં સુધી કુશળતાપૂર્વક પ્રસરાવી છે. આમ પણ ભીતરના ભાવથી જે કામ થાય છે તે જૂદું તરી આવે તેવું અસરકારક હોય છે. જગદીશ ત્રિવેદીએ ભીતરના ભાવ તથા કુદરતી હૈયા ઉકલત સાથે ભગતબાપુના બાવન ફૂલડાંના બાગની આરતી ઉતારી છે. પરિણામ સ્વરૂપે ''કાગમાળા'' સ્વરૂપે નાની પુસ્તીકા (ગૂર્જર પ્રકાશન) આપણાં સુધી પહોંચી છે. પુસ્તીકા જોઈને બાવન ફૂલડાંના બાગના માળીને યાદ કરતા હિંગોળદાન નરેલાનો દૂહો યાદ આવે છે :

મધમધતો મૂકી ગયો
બાવન ફૂલડાંનો બાગ,
અમ અંતરને આપશે
કાયમ સૌરભ કાગ.

એ બાબત સુવિદિત છે કે ભગતબાપુ રચિત કાગવાણીનો પાંચમો ભાગ 'બાવન ફૂલડાંનો બાગ' તરીકે ગદ્ય સ્વરૂપે પ્રગટ થયેલો છે. જગદીશભાઈએ ૨૦૧૮ની ૧૯મી ફેબ્રુઆરીએ કવિ કાગની પુણ્યતિથિ નિમીત્તે કવિ કાગના ગામ મજાદરમાં યોજવામાં આવેલા કાર્યક્રમમાં 'બાવન ફૂલડાંનો બાગ' વિશે રસપ્રદ વાતો કરી. મજાદરમાં ઉપસ્થિત રહીને જગદીશ ત્રિવેદીનું કથન સાંભળનારા તમામ લોકો જગદીશભાઈના રસપ્રદ, માહિતીપ્રદ તથા સરળ કથનમાં તણાયા હતા તેમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. એ કહેવાની કદાચ ભાગ્યેજ જરૂર છે કે કાગ ચોથના આ ઐતિહાસિક દિવસે 'કાગના ફળિયે કાગની વાતુ' થાય છે. અનેક કાગપ્રેમી સાહિત્ય રસીકો આ નિમીત્તે મજાદર જાય છે. દર વર્ષે યોજવામાં આવતા આ જાણીતા ઉપક્રમને પૂ. મોરારીબાપુની નિયમિત હાજરી તથા હૂંફ મળે છે જેથી કાર્યક્રમને એક અનોખું ગૌરવ તથા ગરિમા પ્રાપ્ત થાય છે. દર વર્ષે આ કાર્યક્રમમાં હાજરી આપનાર લોકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહે છે. ભગતબાપુની ચેતનાને વંદન કરવા આ પ્રસંગે કાગપ્રેમી સાહિત્યપ્રેમીઓનો જાણે મેળો ભરાય છે.

'બાવન ફૂલડાંનો બાગ' ના નામથી પ્રસિધ્ધ થયેલા કાગવાણી ભાગ-૫ નું એક વિશેષ મહત્વ છે. ઋષિતુલ્ય પ્રતિભા ધરાવતા વિદ્વાન સાહિત્ય મર્મજ્ઞ પિંગળશીભાઈ પાયક (વાગડ-કચ્છ) બાવન ફૂલડાંનો બાગ વિશે પુસ્તકની પ્રસ્તાવના સ્વરૂપે જે લખે છે તે ફરી ફરી વાંચવું ગમે તેવું સચોટ છે. પાયક સાહેબ લખે છે :

''(બાવન ફૂલડાંનો બાગ) પુસ્તકમાં કવિ કાગ કવિના વેશમાં નહિ પરંતુ સીધાસાદા સ્વરૂપમાં દુલા કાગ તરીકે આપણી સન્મુખ આવીને ઊભા રહ્યા છે... આપણાં એક સુહદ તરીકે આપણી સાથે વાતો કરતા જણાય છે. કવિ પોતે સીંચેલી – ઉછેરેલી પુષ્પ–વાટિકામાં એક માળીની નમ્રતાથી આપણને પ્રવેશ કરાવે છે. આ ગ્રંથમાં કવિના પોતાનાજ અનુભવ વાક્યો છે.. અહીં ગ્રંથકાર વિદ્વતાનો ઝભ્ભો પહેરીને પોતાના જ્ઞાનથી કે ભાષા વૈભવથી આપણને આંજી નાખતા નથી... ઉપદેશકના રૂપમાં ઊંચે આસને બેસીને આજ્ઞા કરતા દેખાતા નથી.. દુલા ભગતે ગોળમાં વીંટીને કેટલાંક કડવા સત્યને પણ આપણને સંભળાવ્યા છે.. આપણાં મિથ્યાભિમાનોને ચીમકી આપી છે. ''

ભગતબાપુના આ અનોખા ગદ્ય સર્જનને પિંગળશીભાઈ જેવા બહુશ્રુત વિદ્વાને યથાર્થ વિવેચનથી શણગાર્યો છે. ભગતબાપુનું ગદ્ય કે પદ્ય સાહિત્ય તેની સરળતાથી શોભે છે.

ભાઈ જગદીશભાઈએ કાગના ફળિયે કાગની વાત કરતા આ મહાકવિના ગદ્ય ભાગ વિશે વાત કરીને એક નવો ચિલો પાડ્યો છે. ભગતબાપુની પદ્ય રચનાઓ ઘણી બળકટ છે તથા લોક સમુહમાં વ્યાપક સ્વીકૃતિ પામી છે. આથી બાપુની આવી રચનાઓ બાબત તો અનેક લોકોએ ભૂતકાળમાં યાદગાર વાતો કરી છે. પરંતુ બાવન ફૂલડાંના બાગ જેવા બાપુના ગદ્ય સર્જનને લઈને જગદીશ ત્રિવેદીએ કરેલી વાત ભગતબાપુના એક અલગ વ્યક્તિત્વનું ભાતીગળ દર્શન કરાવે છે. એ કહેવાની ભાગ્યેજ જરૂર રહે કે આવું દર્શન પણ ભવ્ય છે. મોરારીબાપુ જેમને 'ઊંબરથી અંબર' સુધીના કવિ તરીકે ઓળખાવે છે તેવા કવિ દુલા ભાયા કાગ નિજ ભૂમિ સાથે જોડાયેલા રહીને સમગ્ર સાહિત્ય સૃષ્ટિના રમણીય આભમાં વિસ્તરેલા છે. આ બાબતની પુનઃ પ્રતિતિ બાવન ફૂલડાંના બાગમાંથી પસાર થતાં સહેજે અનુભવી શકાય છે. ''ભગતબાપુનું ગદ્ય એ થીજી ગયેલી કવિતા છે'' તેવું જગદીશભાઈનું વિધાન યથાર્થ છે. લગભગ અઢી હજારથી વધારે સુવિચારોમાં ભગતબાપુએ જીવનના માર્મીક ચિંતનને નિષ્ણાત કસબીની અદાથી કાગળ પર ઉતારેલું છે. વાંચતાજ ગળે ઉતરી જાય તેવા માર્મીક અવલોકનો અહીં ઠેર ઠેર જોવા મળે છે.

મેઘાણીભાઈએ લખ્યું છે તેમ કવિ કાગ જેવા કવિઓ આત્મજ્ઞાન પચાવીને તેનો ઓડકાર ખાનારા સર્જકો છે. આથીજ કવિ કાગના હૈયામાંથી પાતાળગંગાની જેમ કાવ્યસરવાણી સહજ રીતે ફૂટતી હતી. ભગતબાપુના જીવન – કવનની વાતોનો ઉપક્રમ પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં દર વર્ષે ગોઠવવામાં આવે છે તે ગૌરવપાત્ર ઘટના છે. ૨૦૧૮ નો આવો ઉપક્રમ ડૉ. જગદીશ ત્રિવેદી તથા માયાભાઈ આહીરના કથનથી વિશેષ રળિયામણો બની રહ્યો. કવિ કાગનું સાહિત્ય કાળના કપરા પ્રવાહમાં પણ ઝાંખું પડે તેવું નથી. બાવન ફૂલડાંના બાગના કર્તાને આ સોહામણા બાગના 'પાણતીયા' રામમાં વિશ્વાસ છે.

ભાઈ ! તારો બહેકે ફૂલડાંનો બાગ જી..
બહેકે ફૂલડાંનો બાગ
એનો પાણતીયો રૂડો રામ...ભાઈ..

અથાક્ પરિશ્રમ વગર સફળતા કયારેય મળતી નથી

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

ચૂલ્હે સે રોટી નીકાલે કે લિયે,
ચીમટે કો અપના મુંહ જલા હી પડી
- લગાન

ઈ.સ. ૨૦૦૧માં રિલીઝ થયેલ આ ફિલ્મની લોકપ્રિયતા વિશે કંઈ જ કહેવાની જરૂર નથી. આમિરખાનના મુખે બોલાયેલ આ સંવાદ કે.પી. સકસેના દ્વારા લખાયેલ છે. જયારે ભુવન (આમિરખાન) ક્રિકેટમાં અંગ્રેજોને હરાવવાની શરત માન્ય રાખીને આવે છે, ત્યારે આજુબાજુના ગામ વાળા તથા તેના મિત્રો પણ આ અસંભવ વાત માટે તેનો વિરોધ કરે છે... અને તે જ સમયે આમિરખાન આ ડાયલોગ બોલે છે કે, ચૂલામાંથી રોટલી (અન્ન) કાઢવા માટે તો ચીપિયાએ પણ ગરમ થવું જ પડે છે... એટલે કે સફલતા મેળવવી હોય તો પરિશ્રમ તો કરવો જ રહ્યો. સુભાષિત રત્નભાંડાગારમાંથી આવી જ કંઈ વાત કહેતો ખૂબ જ પ્રચલિત શ્લોક (સુભાષિત) મળી આવે છે...

ઉદ્યમેન હી સિધ્યન્તિ, કાર્યાણિ ન મનોરથૈઃ।
ન હી સુપ્તસ્ય સિંહસ્ય, મુખે પ્રવિશન્તિ મૃગાઃ॥

ઉદ્યમ (પરિશ્રમ) જ કાર્ય પૂર્ણ થાય છે, માત્ર ઈચ્છા કરવાથી નહીં, જેમ સૂતેલા સિંહના મુખમાં હરણ સ્વયં (પોતાની મેળે) પ્રવેશ નથી કરતા. સિંહે પણ પ્રયાસ કરવો પડે છે...

અથાક્ પરિશ્રમ વગર સફળતા કયારેય મળતી નથી, અને પરિશ્રમ કર્યા પછી તરત ફળ મળે કે ન મળે પરંતુ આપણી જાતને સંતોષ તો જરૂર મળે છે કે, મહેનત તો કરવામાં આવી છે, હવે પછી ઈશ્વર ઈચ્છા.

'લગાન'નો ડાયલોગ હોય કે 'સુભાષિતરત્ન ભાંડાર' નો શ્લોક હોય, ૫૦૦-૧૦૦૦ વર્ષ પહેલાં કહેલી વાત હોય કે હજી દસ-પંદર વર્ષ પહેલા કહેલી વાત હોય, મૂળ હાર્દ પરિશ્રમ નો મહિના અને તેને સમજાવવાનો યત્ન તો હંમેશા થતો રહ્યો છે, અને થતો રહેશે...

વાર્તાયન પર્વ રવિવારે યોજાશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● વૃત્તસંચય

● ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન, પ્રચાર-પ્રસાર અને માતૃભાષાને મધમધતી, મહેંકતી અને ધબકતી રાખવા, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર માસે યોજવામાં આવતી સભા તા. ૧૦મી જુલાઈના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ ખાતે યોજવામાં આવી હતી . જેમાં ગાંધીનગર સાહિત્યસભા અને સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, જાણીતા કવિ વિનોદ જોશી દ્વારા રચાયેલા - મહાભારતના વિરાટ પર્વમાં આવતા પાંડવોના અજ્ઞાતવાસ દરમિયાન સૈરેન્ધ્રી બનતા દ્રૌપદીના પાપત્રના આધારે, ચોપાઈ અને દોહરામાં સુબદ્ધ, વિશિષ્ટ કવિદૃષ્ટિથી રચાયેલા, સાત સર્ગના સુગઠિત પ્રબંદ કાવ્ય 'સૈરન્ધ્રી'નું તેઓના સ્વમુખે પઠન કરવાના યોજાયેલ કાર્યક્રમમાં, શરુઆતમાં ગાં.સા. સભાના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા સ્વાગત પ્રવચન કરાયા બાદ વિનોદ જોશીનું શાલ અને પુસ્તક પુષ્પથી સન્માન કરાયું હતું. વિનોદ જોશીનો પરિચય પૂર્વ પ્રમુખ હરિકૃષ્ણ પાઠકે આપીને, પૂર્વભૂમિકા બાંધી હતી. જયારે કવિ ભાગ્યેશ જહા અને કવિ હર્ષદ ત્રિવેદીએ પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્ય મર્મજ્ઞો ડૉ. કેશુભાઈ દેસાઈ, ડંકેશ ભારતી ઓઝા, પ્રવીણ ગઢવી, મહેશ જોશી, ભરત કવિ, બિંદુ ભટ્ટ, દલપત પઢિયાર, ભાનુપ્રસાદ પુરાણી, ધ્વનિલ પારેખ, પ્રિ. ડૉ. ઊર્મિલા, ચૌધરી, જયોતિન્દ્ર દવે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા દર માસના ત્રીજા રવિવારે વાર્તાવાંચન અને કાર્યક્રમ યોજવામાં આવે છે, તે અંતર્ગત તા. ૧૫-૭-૨૦૧૮ને રવિવારના રોજ સાંજના ૩.૦૦ વાગે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે આ સાહિત્યિક કાર્યક્રમ યોજવામાં આવશે જેમાં સાહિત્યકાર કનુભાઈ અસામલીકર (ખેડા) વાર્તાપઠન કરશે અને ધરમસિંહ પરમાર (રાધનપુર) અને બાબુભાઈ નાયક કાવ્યોનું પઠન કરશે. આશી સૌ સાહિત્યકારો - ભાવકોને કાર્યક્રમમાં પધારવા હાર્દિક જાહેર નિમંત્રણ પ્રમુખ ડૉ. મોહનભાઈ પરમાર દ્વારા પાઠવવામાં આવ્યું છે.

● 'મમતા' વાર્તામાસિક દ્વારા યોજવામાં આવતા, 'વાર્તાયન' ના સાતમા પર્વની બેઠક તા. ૧૫મી જુલાઈ, ૨૦૧૮ને રવિવાર સાંજે ૫.૩૦ કલાકે, પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ, સે-૭ ગાંધીનગર ખાતે મળશે. જેમાં દિનેશ દેસાઈ તથા ગોપાલી બૂચ પોતાની મૌલિક વાર્તાઓનું તથા સુનિલ ગંગોપાધ્યાય લિખિત બંગાળી ભાષાની ઉત્તમ ટૂંકી વાર્તા 'ઝરમર વરસાદ' નું પઠન પીનલ ચૌધરી કરસે. આ રજૂ થનાર વાર્તાઓની સમીક્ષા ધર્મેન્દ્ર ત્રિવેદી કરશે. આ કાર્યક્રમ્માં પધારવા કવિ - વાર્તાકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

-muljibhaidadhi@gmail.com